ચૂંચૂંનગરના ચોકમાં એક દિવસ બધા જ ઉંદરો એકઠા થયા. વાત જ એવી બની હતી કે, બધાને ખૂબ નવાઈ લાગે! કંઈક એવું બન્યું હતું કે, આ પહેલાં એવું ક્યારેય ન બન્યું હોય! કોઈએ, ક્યારેય ન જોયું હોય એવું આજ જોવા મળ્યું!



બધાય ઉંદરો ધારી-ધારીને જોતા હતા અને બધાયનો એક જ સરખો સવાલ હતો : ‘આપણા ચૂંચૂંનગરમાં અચાનક આ તે શું આવી ચડ્યું?’

દેખાવમાં તો ઉંદર જેવું જ લાગે! પણ ના હલે કે ન ચાલે! ન કરે જરાય ચૂંચૂંચૂં! પૂંછડીમાં પણ થોડો ફેર!

કોઈની હિંમત નહોતી ચાલતી કે પરિચય પૂછે! આમ અજાણ્યાને પુછાય પણ કેમ? નવાઈ તો હતી જ; સાથે થોડો ડર પણ લાગતો હતો, બધાને!

થોડી વાર બધા નવાઈભેર જોતા રહ્યા. પછી ઉંદરદાદા, હિંમત કરીને ધીમે-ધીમે એ પ્રાણીની નજીક જવા તૈયાર થયા. એક જુવાન ઉંદર એમને રોકતાં બોલ્યો : ‘દાદા, રહેવા દો! આ અજાણ્યાનો કંઈ ભરોસો નહીં! નજીક જાશોને કંઈક કરશે તો?’



ચૂંચૂંનગરમાં Mouse

બીજા એક ઉંદરે, તેની વાતના સૂરમાં સૂર પુરાવતાં કહ્યું : 'હા, સાચી વાત હોં! એને જોઈને જ બીક લાગે છે! કેવો કાળો રંગ છે! ને પૂંછડી કેવી લાંબીલચ છે!'

એક ઉંદરડી પણ ભયભીત થતાં બોલી : 'અરે, દાદા, નાહકનો ખતરો માથે ન લો! કંઈક થશે તો? આ અજાણ્યાની શક્તિ કેટલી હશે? એની આપણને ખબર નથી! એ ભલે ચૂપ દેખાય, પણ તમે એની પાસે જાવ એ એને ન ગમે તો એ આપણને સહુને કંઈ મોટી હાનિ ન પહોંચાડે હોં!'

બધાએ જાતજાતની વાતો કહી! અનેક શંકાઓ વ્યક્ત કરી! પણ ઉંદરદાદા તો એકના બે ન થયા! એ તો આખર ડગુમગુ થતા, પેલા પ્રાણીની નજીક પહોંચી જ ગયા!

ઉંદરદાદાએ એ પ્રાણીની આસપાસ એકાદ-બે

આંટા માર્યા. ધારી-ધારીને એને જોવા લાગ્યા. બે મિનિટ કંઈ બોલ્યા નહીં. પછી એની સામે જોઈને સવાલ કર્યો : ‘ઓય..! કોણ છે તું?’



કોઈ જવાબ ન મળ્યો! બધાની નજર એ તરફ જ હતી! બધાનાં મનમાં અટકળ હતી ને એક જ પ્રશ્ન હતો : ‘શું થશે? શું થશે? શું કરશે પેલું પ્રાણી? શું હશે એનો જવાબ? એનો પ્રતિભાવ?’

બધાનો જીવ ચપટીએ ચોળાતો હતો! પણ કંઈક જ જવાબ કે કોઈ પ્રતિભાવ ન મળતાં, ઉંદરદાદાએ ફરી મોટા સાદે કહ્યું : ‘અલ્યા એય...! તારું નામ તો કહે! ને ક્યાંથી આવી ચડ્યો છે અહીં?’

દાદાની સાથે જ બધા ઉંદરો જાણવા ખૂબ ઉત્સુક હતા, પણ હજી પણ કંઈ જવાબ ન જ મળ્યો!

દાદાએ એની આસપાસ સહેજ લાકડીથી ઠકઠક કર્યું. એ જોઈ કોઈ બોલ્યું : ‘એ રહેવા દો! રહેવા દો! ગુસ્સે થઈને એ ક્યાંક આપણને કરડવા ન દોડે!’

બીજા એક ઉંદરે ખી-ખી હસતાં કહ્યું : 'સાપ થોડો છે, તે કરડવા દોડે!'

આ સાંભળીને બધા હસવા લાગ્યા. દાદાએ બધાને ચૂપ કરાવ્યા ને પછી ફરીથી પેલી અજાણ્યા પ્રાણીને ધીમેથી પૂછ્યું : 'તારું નામ તો કહે!'

'મને ખબર છે! મને ખબર છે!' ઉંદરોના ટોળામાંથી છેક પાછળથી દબાયેલો અવાજ આવ્યો.

બધાની નજર એ તરફ ગઈ. અરે, આ તો નાનું એવું ચૂંઈચૂંઈ!

'તને ખબર છે; આનું નામ એમ?' એક ઉંદરે પૂછ્યું.

'હવે એ તો નાનું બચ્ચું છે! એને શું ધૂળ ખબર હોય, આ ચીજ વિશે?' કોઈએ આટલું કહ્યું ને



બધા હા-હા-હા કરીને મોટા અવાજે હસવા લાગ્યા ને કહેવા લાગ્યા : 'જા, જા, તું નદીને કાંઠે જઈને ધૂળમાં રમ!'

'ચૂપ! ચૂપ!' ઉંદરદાદાએ બધાને ચૂપ કરાવ્યા ને પછી નાના ચૂંઈચૂંઈને પ્રેમથી નજીક બોલાવતાં પૂછ્યું : 'તને ખબર છે, ખરેખર આનું નામ?'

'હા, દાદા, મને ખબર છે!' ચૂંઈચૂંઈ બોલ્યું.

ઉંદરદાદાએ પૂછ્યું : 'શું છે આનું નામ?'

'એનું નામ માઉસ છે!' ચૂંઈચૂંઈએ કહ્યું.

'માઉસ...??' દાદાની સાથે જ બધાના હોઠ પર આશ્ચર્ય સાથે આ સવાલ રમતો થયો!

ઉંદરદાદાએ પૂછ્યું : 'પણ તને કેમ ખબર પડી કે આનું નામ માઉસ છે?'

ચૂંઈચૂંઈ બોલ્યું : 'મારો એક ફ્રેન્ડ છે, ચિન્ટુ! હું એક વાર એના ઘેર ગયો હતો. ત્યાં આ માઉસ હતું! એની પૂંછડી એક બીજી વસ્તુની સાથે બાંધેલી હતી. શું હતું એ વસ્તુનું નામ? અંમમમ..' ચૂંઈચૂંઈ મગજ કસીને યાદ કરવા લાગ્યું.

'શું હતું? શું હતું?' બધા એકસાથે જ, ચૂંઈચૂંઈને પૂછવા લાગ્યા.

ઉંદરદાદાએ કહ્યું : 'સહુ શાંતિ રાખો! એને સરખું યાદ કરવા દો!'

ચૂંઈચૂંઈ ખૂબ પ્રયાસ કરતું હતું, પણ કંઈ યાદ આવતું નહોતું.

ઉંદરોના ટોળામાં ફુસફુસાહટ થવા લાગી : 'આ ઉંદરડું સાવ ખોટું છે!'

'હા, ખાલી ગપ મારી દીધું કે, આ માઉસ છે!'



ચૂંચૂંનગરમાં Mouse



‘છોકરું કહેવાય; જવા દો ને હવે!’

એવામાં ચૂંઈચૂંઈને કંઈક યાદ આવ્યું હોય તેમ બબડ્યું : ‘અમમમ… કમ્પ…કમ્પ્યૂટર! હા, કમ્પ્યૂટર!’

‘કમ્પ્યૂટર??’ બધાએ નવાઈ પામતાં પૂછ્યું.

ચૂંઈચૂંઈએ કહ્યું : ‘આ માઉસની પૂંછડી જેની સાથે બાંધવામાં આવી હતી; એ વસ્તુનું નામ કમ્પ્યૂટર છે!’

એક મોટો ઉંદર બોલ્યો : ‘અરે, આ શું નવાં-નવાં નામ કાઢતો જાય છે! તું માણસની દોસ્તી કરીને આવી ગરબડ ગરબડ શીખવા લાગ્યો છે હોં!’

બીજા એક ઉંદરે પણ કહ્યું : ‘આ માણસના બચ્ચાની દોસ્તી કરવાની રજા જ કોણે આપી તને?’

‘પણ એમાં ખોટું શું છે? ચિન્ટુ તો બહુ સારો છે!’ ચૂંઈચૂંઈએ દલીલ કરી.

'હા, સારો છે એટલે જ આ માઉસ અહીં મૂકી ગયોને!' મોટા ઉંદરે કહ્યું.

'ને આ માઉસ બોલતો નથી, ચાલતો નથી કે પૂંછ પણ પટપટાવતો નથી! નક્કી આમાં કંઈક ભેદભરમ છે!' બીજા ઉંદરે કહ્યું.

'શાંત થાઓ! શાંત થાઓ! આમ અંદરોઅંદર લડો નહીં કે ખોટા ડરો નહીં!' ઉંદરદાદાએ કહ્યું.

મોટા ઉંદરે દલીલ કરી : 'પણ દાદા, આ આપણું બચ્ચું, માણસના બચ્ચા સાથે દોસ્તી કરી આવ્યું; એટલે જ આ માઉસનો ખતરો આવ્યો, આપણા ચૂંચૂંનગર માથે!'

એક ઉંદરડીએ પોતાની આપવીતી સંભળાવી : 'હા, હા, સાચી વાત છે! એક વાર હું મારાં બચ્ચાં નાનાં હતાં, ત્યારે કંઈક ખોરાક શોધવા માણસના





ઘરમાં જઈ ચડી હતી; ત્યારે મને પાંજરામાં પૂરી દીધી હતી, માણસોએ!'

ફરી ફુસફુસાહટ થવા લાગી : 'હા, હા, એમાં કયાં નવી વાત છે? માણસો આપણને પાંજરે તો બહુ સમયથી પૂરે જ છે!'

'ને હવે તો કંઈક ખવડાવે પણ છે; કે જેનાથી આપણી વસ્તી ઓછી થઈ જાય!'

'આ માણસોથી તો મીનીમાસી પણ સારી! ગમે તેમ તો મારી નાખતી નથી! ભૂખ હોય તો જ પકડે!'

'એ ભાઈઓ! મને એક મસ્ત આઇડિયા આવે છે!' એક ઉંદર બોલ્યો.

'શું છે તારો આઇડિયા?' ઉંદરદાદાએ પૂછ્યું. ઉંદર બોલ્યો : 'આપણે બધા ચૂંઈચૂંઈને જ કહીએ કે, તે પેલા ચિન્ટુને પૂછી આવે!'

'શું પૂછી આવું?' ચૂંઈચૂંઈએ કહ્યું.

ઉંદર બોલ્યો : 'આ માઉસ એટલે શું? એ ચિન્ટુની પાસેથી જાણી લાવ! તો ખબર પણ પડે ને કે, આ માઉસથી આપણને ખતરો છે કે નહીં!'

ચૂંઈચૂંઈએ કહ્યું : 'હા, હું પૂછી આવીશ! કાલે જવાબ કહીશ!'

'હા, ઠીક છે. તો કાલે બધા મળીએ!' ઉંદરદાદાએ સહુને કહ્યું.

'પણ ત્યાં સુધી આ માઉસનું શું કરીશું?' મોટા ઉંદરે પૂછ્યું.

'કરે શું? ભલેને પડ્યું અહીં જ! આમ પણ એ હલતું-ચાલતું નથી! એટલે ભાગી તો જશે નહીં!' ઉંદરદાદાએ કહ્યું.